હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ ભાઈનું એવુ છે કે, કાં તો એમને જેલમાં ફાવે... નહીં તો અમારી પાર્ટીમાં....

સેકટર-૩૦ વીર સાવરકર નગરના ૬ ઠ્ઠા માળેથી પડી જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૩૦ સ્થિત વીર સાવરકર નગર ખાતે ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં ૬ ઠ્ઠા માળની ગેલેરીમાંથી અચાનક ૩૫ વર્ષિય યુવક નીચે પડી જતા તેનું કરૂણ મૃત્યું નિપજયું હતું. જયારે યુવક નીચે ઉભી રહેલી ગાડી પર પડતા જોરદાર ધડાકો થતા પરિવાર અને વસાહતીઓ નીચે દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩૦ ખાતે આવેલા સરકારી કવાટર્સ વીર સાવરકરનગર બ્લોક નં.૧૦ ખાતે ૬ ઠ્ઠા માળે પ્રકાશ ઉર્ફે હરજીવન મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે. પ્રકાશના પરિવારમાં માતા-પત્નિ અને દિકરી છે. મુળ સૌરાષ્ટ્રના વતની પ્રકાશ મકવાણા વર્ષોથી ગાંધીનગરમાં વસવાટ કરતા હતા. જયારે પ્રકાશના માતા સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવે છે. જયારે પ્રકાશ મકવાણા છુટક કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં તેના પત્ની રસોડામાં હતા અને માતા બાથરૂમમાં હતા. તે સમયે અચાનક પ્રકાશ ૬ ઠ્ઠા માળના ઘરની ગેલેરીમાંથી નીચે પટકાયો હતો. પ્રકાશ નીચે ઉભી રહેલી કાર પર પડતા જોરદાર અવાજથી તેના પરિવારજનો સહિત નાગરીકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને નીચે એકઠા થઈ ગયા હતા. જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબિબે પ્રકાશભાઈને મરણ જાહેર કર્યા હતા. પ્રકાશના પરિવારના સભ્યોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ રાજસ્થાનનો પ્રવાસ પરિવાર સાથે માણીને પરત ફર્યા બાદ આજથી પુનઃ તેમના કાર્યાલયમાં કામે લાગી ગયા છે.
- ગાંધીનગર તા.પં.ના પ્રમુખ ગોપાળસિંહ આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક ૧૭મીએ મળશે.
- ગાંધીનગરમાં આજે કિસાન સંઘના આગેવાનોની બેઠક મળી હતી અને પડતર પ્રશ્નો અંગે આંદોલનાત્મક પગલાંઓની વિચારણા કરાઈ હતી.
- સ્ટેટ ફૂડ સેફ્ટી ઈન્ડેક્ષ-૨૦૨૧-૨૨માં ગુજરાતે સમગ્ર દેશમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે.
- હાઈકોર્ટના ચુકાદાથી પો.સ.ઈ.ની પરીક્ષા આડેના વિઘ્નો દૂર થયા છે. ૧૨ અને ૧૯ જૂને પો.સ.ઈ.ની મેઈન પરીક્ષા યોજાશે. ગાંધીનગરમાં ત્રણ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે.
- શહેર-જિલ્લામાં કોંગ્રેસના સંગઠ્ઠનને મજબૂત બનાવવા માટે ગઈકાલે મળેલી તાકીદની કારોબારી બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાની રાજકીય ગલિયારીઓમાં ચર્ચા જાગી છે.
- આજે વિશ્વ મૈત્રી દિવસની ઉજવણી ગાંધીનગરાઓએ આનંદ-ઉલ્લાસ સાથે કરી હતી.
- ગાંધીનગર શહેરમાં હિટવેવના પ્રકોપ બાદ વાદળછાયુ વાતાવરણ રહેતાં લોકોએ થોડીક રાહત અનુભવી હતી પરંતુ ઉકળાટ વધી જતાં સતત પંખાવાળી જગ્યા શોધતા મુલાકાતીઓ વિવિધ કચેરીમાં જોવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં જુના સેક્ટરોમાં પુનઃ ડોર ટુ ડોર કલેક્શન કરતી ગાડીઓનો સમય ખોરવાઈ જવા પામ્યો છે.
- સચિવાલયમાં આજે મોડી સાંજે એક સાથે ૩૯ નાયબ સેકશન અધિકારીઓની બદલીના હુકમો જારી કરાયા છે.

આઈઆઈટી-ગાંધીનગરના સમર કેમ્પનું સમાપન

૧૦ દિવસના સમર કેમ્પમાં જરૂરિયાતમંદ અને શ્રમજીવી વર્ગના આશરે ૯૦ જેટલાં બાળકોએ ભાગ લઈને નવું નવું શીખવા સાથે વિવિધ પ્રવૃતિઓનો આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૮

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી આઈઆઈટી-ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને સમુદાય સ્વયંસેવકો દ્વારા ચલાવવામાં આવતી ન્યાસા, એક અનૌપચારિક શાળાએ પડોશી ગામો અને આઈઆઈટી-ગાંધીનગરના બાંધકામ કામદારોની વસાહતોના લગભગ ૯૦ બાળકો માટે ૧૦-દિવસીય સમર કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. ગત તા. ૩૦ મે થી ૦૮ જૂન, ૨૦૨૨ દરમિયાન યોજાયેલ સમર કેમ્પનો ઉદ્દેશ્ય આ બાળકોને તેમના શોખ અને છુપાયેલી પ્રતિભાઓને શોધવામાં મદદ કરવાનો હતો.

આ શિબિરમાં બાળકોને આનંદ સાથે પ્રેરિત કરવા અને પ્રોત્સાહિત કરવા ઉત્તેજક પ્રવૃત્તિઓ અને લર્નિંગ મોડ્યુલની પુષ્કળતા દર્શાવવામાં આવી હતી. પ્રવૃત્તિઓમાં કળા અને હસ્તકલા, ઓરિગામિ, ડ્રીમ કેચર મેકિંગ, પ્રારંભિક અંગ્રેજી, કોમ્પ્યુટર કૌશલ્યની મૂળભૂત બાબતો, પુરાતત્વ, વિજ્ઞાનના પ્રયોગો, માટીકામ, સંગીત અને નૃત્ય, યોગ, મનોરંજક રમતો અને રમતગમતનો સમાવેશ થાય છે. આઈઆઈટી-ગાંધીનગરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમુદાયના સભ્યો સહિત લગભગ ૪૦ માર્ગદર્શકોએ સંસ્થાના લગભગ ૫૦ વિદ્યાર્થી સ્વયંસેવકોની મદદથી વિવિધ સત્રો હાથ ધર્યા. ટીમ ન્યાસાએ ફોટોગ્રાફસ અને બાળકોની આર્ટવર્કના રૂપમાં શિબિરની યાદોની એક ગેલેરી-પ્રદર્શન યોજીને આજે સમર કેમ્પનું સમાપન કર્યું હતું.

આઈઆઈટી-ગાંધીનગરના બાંધકામ કામદારોની વસાહતોની સાત વર્ષની દિકરી કિંજલે પોતાનો અનુભવ શેર કરતાં કહ્યું, 'મેં આ દસ દિવસ ખૂબ જ માણ્યા હતા. અમે અંગ્રેજી અને કોમ્પ્યુટર સ્કિલનો અભ્યાસ કર્યો તેમજ ઘણી બધી રમતો રમી, વિવિધ વસ્તુઓ જેમ કે કાગળની સસલું, સીટી વગેરે બનાવતા શીખ્યા. મને ડાન્સ સેશનનો સૌથી વધુ આનંદ આવ્યો.'

શિબિરમાં ભાગ લેવાથી તેમનો આનંદ અને ઉત્તેજના વ્યકત કરતા, આઈઆઈટી-ગાંધીનગરની નજીકના બાસન ગામના ૧૦ વર્ષના દિકરા યશપાલ વાઘેલાએ કહ્યું, "મને આઈઆઈટી-ગાંધીનગરના સમર કેમ્પમાં ખૂબ મજા આવી. હું પાણીનો છંટકાવ, સીટી વગાડવાનું શીખ્યો, ખોદકામ કર્યું અને જૂના સમયથી વાસણો બનાવ્યા, માટીના વાસણો દોર્યા, કાગળના ફૂલો બનાવ્યા, એક શિક્ષકને મળ્યો અને પર્યાવરણ વિશે વાત કરી. મેં પુસ્તકાલયની મુલાકાતનો આનંદ માણ્યો અને છોડ પરના પુસ્તકો વાંચ્યા. આજે હું મારા પિતા સાથે છોડની નર્સરીમાં ગયો હતો અને મારા ઘરે રોપવા માટે ઘણા ફૂલો અને ઝાડના રોપા લાવ્યો હતો."

ચિલોડા એ.ડી.સી. બેંક ખાતે નાણાંકીય સાક્ષરતા જાગૃરૂકતા કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલોડા મોટા સ્થિત ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના હોલમાં એસ.બી.આઈ. લીડ બેન્ક ગાંધીનગર આયોજિત નાણાંકીય સાક્ષરતા કેન્દ્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાણાંકીય સાક્ષરતા અને ધિરાણ પરામર્શ કેન્દ્ર એસ.બી.આઈ. ગાંધીનગરના પ્રાયોજક રમેશભાઈ જી. પરમારે નાણાંકીય સાક્ષરતા જાગૃકતા અંગે ખેડૂતો અને બેંક ગ્રાહકોને ખૂબ મહત્વની ઉપીયોગી માર્ગદર્શન આપ્યું હતું.

આ કેમ્પમાં પ્રાયોજક આર.જી. પરમારે એસ.બી.આઈ. અટલ પેન્શન યોજના, સુકન્યા સમૃદ્ધ યોજના, કિસાન ધિરાણ યોજના, વિદ્યાર્થીઓ માટે વિદેશ લોન, બેંક લોકર્સ, પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના, વીમા પ્રિમિયમની રકમ અકસ્માત અંગે બેંક ખાતેધારોએ નોમિની બેન્કિંગ સુવિધા, ડીઝીટલ બેકિંગ પેમેન્ટ સુવિધાઓ એન.ઈ.એફ.ટી., આર. ટી. જી.એસ. આઈ. એમ.પી.એસ. બેંક દ્વારા ૩૬૫ દિવસમાં ક્યારેય પણ ક્યાંય પણ બેંકમાંથી ફોન આવે તો કોઈએ માહિતી આપવાની નહીં. ડીઝીટલ પેમેન્ટમાં લાઈટ બીલ, ગેસ બીલમાં ચુકવણી કરવી વગેરેમાં ખૂબ સાવધાનીપૂર્વક ધ્યાન આપવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાસેયો દ્વારા વિશ્વ પર્યાવરણ સપ્તાહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજયપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતરગત સાદરા પરિસરમાં વિશ્વ પર્યાવરણ સપ્તાહ અંતરગત વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે ગામના લોકોને નો પ્લાસ્ટિક ઝુંબેશ વિશે માહિતી આપવામાં આવી રહી છે, સાથે સાથે રાસેયોનાં સ્વયંસેવક દ્વારા ફળ અને ફૂલ છોડનાં રોપાનું વૃક્ષરોપણ પર કરવામાં આવ્યો છે અને પરિસરને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર અને વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકેની માન્યતા આપવામાં આવી છે. આ પ્રવૃત્તિમાં વિશેષ રીપે રણવીરસિંહ રહેવર, મોતીભાઈ ભરવાડ, રુચિત રાઠોડ દ્વારા કામગીરી કરવામાં આવી છે. વૃક્ષારોપણ કાર્યક્રમ અંર્તગત આગામી દિવસોમાં પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીયો સાથે તેમના પરિસરમાં ફળ અને ફૂલ-છોડનાં રોપાનું વૃક્ષરોપણ પર કરવામાં આવશે. ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ પ્રાસંગિક સંબોધન અને કાર્યક્રમનની ભૂમિકા વિષય વાત કરી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી.

ગીફ્ટસીટી નર્સરીની પાછળ આવેલ બોરકુવાની ઓરડીમાંથી કેબલની ચોરી

ગાંધીનગર, તા.૮

શાહપુર ગામની સીમમાં આવેલી ગીફ્ટીસીટીની નર્સરીની પાછળના ભાગે આવેલ બોરકુવાની ઓરડીનું તાળુ તોડી અંદરથી ૧૦ મીટર કેબલ અને સીલીંગ ફેન મળી કુલ રૂ.૩૫૦૦ ની મત્તાની ચોરી કરી લઈ જતા ચોર શખ્સો સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર રીલાયન્સ ચોકડી પાસે શુકન આઈ ફલેટ માં સી-૫૦૪ ખાતે રહેતા નરેશ હિંમતભાઈ ચૌહાણ છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત ઈન્ટરનેશનાલ ફાઈનાન્સ ટેકસ સીટી કંપની લીમીટેડના પાણી વિભાગમાં ફરજ બજાવે છે. નરેશ દ્વારા ૬ બોરનું સુપરવીઝન કરવામાં આવે છે અને ગીફટસીટી ખાતે પાણી પહોંચાડવાની કામગીરી કરે છે. જયારે તમામ ૬ બોર પર ઓપરેટર રાખવામાં આવેલા છે. ત્યારે ગત તા.૫ ના રોજ રાત્રીના સાડા આઠથી સવારના સાડા નવ દરમિયાન કોઈ અજાણ્યા ચોર શખ્સો એ બોરવેલની ઓરડીનું તાળુ તોડી અંદર પ્રવેશ કરીને ૧૦ મીટર કેબલ બોરવેલનો કાંપી નાખી લઈ ગયા હતા.જયારે ઓરડીમાં રહેલ સીલીંગ ફેન પણ ચોર શખ્સો ઉઠાવી ગયા છે. નર્સરીની પાછળ આવેલા બોરવેલના ઓપરેટર પ્રવિણજી ઠાકોર સવારના સમયે બોર ચાલુ કરવા જતા બોરકુવાની ઓરડીનું તાળુ તુટેલુ હતું. જયારે બોરકુવાથી ઓરડી સુધીનો કેબલ કાંપી નાંખ્યો હતો. જયારે પંખો પણ લઈ ગયા છે. કેબલ અને પંખો મળી કુલ રૂ.૩૫૦૦ ની મત્તાની ચોરી કરી શખ્સો પલાયન થઈ જતા પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના લઘુમતી સમાજના ૨૫ નાગરિકો ભાજપમાં જોડાયાં

ગાંધીનગર, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારના આઠ વર્ષ પૂર્ણ થવા અનુસંધાને સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત કાર્યક્રમ ઉજવાઈ રહ્યાં છે. આ અનુસંધાને રાષ્ટ્રીય લઘુમતિ મોરચાના અધ્યક્ષ ડો.મોહસીન લોખંડવાલાની સૂચનાથી ઉપપ્રમુખ અને કાર્યક્રમના ઈન્ચાર્જ હુસેન ખાન કાર્યક્રમ વિશે માર્ગદર્શન આપવા આજે પ્રદેશ કાર્યાલય કમલમ્ ગાંધીનગર ઉપસ્થિત રહ્યાં હતાં અને લઘુમતી મોરચાના કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે લઘુમતિ મોરચાના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ વસીમભાઈ શેખ અને ગાંધીનગર મહાનગર લઘુમતિ મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખ દ્વારા ગાંધીનગરના લઘુમતી સમાજના ૨૫ નાગરિકોને કેસરિયો ખેસ પહેરાવી ભાજપમાં પ્રવેશ પ્રસંગે સ્વાગત કર્યુ હતું.

ખોરજ ગામે દુકાન પાસે ગાળો બોલી શખ્સે હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા.૮

ખોરજ ગામે ઉમિયાનગર મહેન્દ્રભાઈની દરજીની દુકાન પાસે જોર જોરથી ગાળો બોલી રહ્યા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા ફરીયાદી બહેન સાથે બોલાચાલી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખોરજ ગામ ઉમિયાનગર ખાતે ભીખીબેન ઠાકોર રહે છે. ભીખીબહેને ભાડે રહેતા મહેન્દ્રભાઈ દરજીની દુકાન પર બપોરના સમયે એક શખ્સ ગમે તેમ ગાળાગાળી કરી રહ્યો હતો. ત્યારે ભીખીબેને ગાળો બોલવાની ના પાડતા તે શખ્સ તેમની પર ઉશ્કેરાઈ ગયો હતો. દુકાન પાસે અમારુ ઘરે આવેલુ છે, જેથી તમે ગાળો ન બોલશો તેમ કહેતા ફરીયાદીને લાફો મારી દઈશ કહીને તમારે શુ લેવા દેવા, હું તમારા ઘરે થોડો આવ્યો છુ મારા દોસ્તની દુકાન છે.તમારે જે કરવુ હોય તે કરી લેજો હું મારા દોસ્તની દુકાને આવીશ તેમ કહેતા ભીખીબેને અડાલજ પોલીસ મથકે શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરમાં આ ગટર લાઈન સામાન્ય નાગરિકો માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ રહી છે. રાત્રીના અંધકારમાં અજાણી વ્યક્તિનો પગ અંદર ફસાઈ જાય તેવી ભીતી સેવાઈ રહી છે. આ વિસ્તારમાં નાગરિકોની અવર જવર રહેતી જ હોય છે ત્યારે કોઈ ગંભીર ઘટના બની જાય તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

શેરથા ખોડીયાર પાર્લર પર બેસવા મુદ્દે મારામારી

શેરથા ગામના કટ પાસે ખોડીયાર પાર્લર પર બેસવાની સામાન્ય બાબતે ઝઘડો કરી યુવકને ગડદાપાટુનો માર મારી બ્લેડથી શરીરે ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવકે પાંચ શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શેરથા ગામ કસ્તુરીનગર પરા ખાતે રહેતા નરેશજી પોપટજી ઠાકોર (ઉ.૨૯) સઈજ ઈફકોમાં મુજરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૫ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારે શેરથા કટ પાસે આવેલ ખોડીયાર પાન પાર્લર ઉપર નરેશ બેઠો હતો. તે સમયે કસ્તુરીનગર પરામાં રહેતા રાકેશ સોમાભાઈ પરમાર અને મનહર ગોવિંદ પરમાર બે ત્રણ મિત્રો સાથે આવ્યા હતા. તેને નરેશને કહેવા લાગ્યો કે તુ અહીથી જતો રહે .જેથી નરેશ હું તો ખાલી બેઠો છુ, તે સમયે નરેશનો કૌંટુબીક ભાઈ શૈલેષજી ઠાકોર ત્યાંથી પસાર થતા નરેશને અહીથી લઈ જા તેમ કહેતા શૈલેશ જણાવ્યું કે એ તો ખાલી બેઠો છે. બેસવા દે ને શું નડે છે તેમ કહી શૈલેષ જતો રહ્યો હતો. ત્યારબાદ રાકેશ પરમાર જેમ ફાવે તેમ ગાળો બોલતા નરેશ ઠાકોરે ગાળો બોલવાની ના પાડતા રાકેશ મારામારી પર ઉતરી આવ્યો હતો. તેણે ગડદાપાટુનો મારમારી નીચે પાડી દેતા તેનુ ઉપરાણુ લઈ મનહર પરમાર તેમજ અન્ય સાથે આવેલા ત્રણ શખ્સો નરેશ પર તુટી પડ્યા હતા.ત્યારબાદ રાકેશ પરમારે તેની પાસે રહેલી બ્લેડથી નરેશ પર હુમલો કરી પેટ અને પીઠના ભાગે ઈજા પહોંચાડતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. રાકેશ અને મનહર પરમાર જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જયારે સ્થાનિક વ્યકિતઓએ ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં નરેશને પીઠના ભાગે તેમજ પેટના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. સમગ્ર બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ટૂંકી જાહેરખબર

રાજ્ય ચૂંટણી આયોગના વાહન ટોયોટા કોરોલા અલ્ટીસ નં. જીજે-૦૧-જી-૫૧૨૧ સચિવાલય, બ્લોક નં. ૧૪, પાર્કીંગ શેડ ખાતે રાખવામાં આવેલ છે. તેને જે-તે હાલતમાં જ હરાજીથી વેચવાની હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસીઝ એક્ટ અંતર્ગત નોંધાયેલ હોય તેઓએ હરાજીની તારીખે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમિયાન આ વાહન જોઈ શકાશે. હરાજીની પ્રક્રિયા તા. ૪/૭/૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. અરજીનો નમૂનો તથા શરતો અંગેની વિગતો નાયબ સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.. ૯, ૬ ઠ્ઠો માળ, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) તથા વેબસાઈટ http://sec.gujarat.gov.in પરથી મળી શકશે તથા તા. ૩૦/૬/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓ હરાજીની કાર્યવાહી માટે ધ્યાને લેવામાં આવશે.

હરાજીનું સ્થળ : સભાખંડ, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર

તા. ૮/૬/૨૦૨૨ — સહી/- (મેઘના પરીખ)
સ્થળ : ગાંધીનગર — નાયબ સચિવ
માહિતી/૫૪૯/૨૨-૨૩ — રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર

બીજો પ્રયત્ન
હરાજી કરવાની છે

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગરની વાહન ટાટા સુમો GJ 18G 2997 કાર જ્યાં છે અને જેવી છે તેવી હાલતમાં હરાજી કરવાની છે

અ.નં.	કાર નંબર	મોડેલ વર્ષ	તળિયાની કિંમત
(૧)	જીજે ૧૮જી ૨૯૯૭	૨૦૦૯	રૂ. ૪૫,૦૦૦/-

૨. આ ગાડી કામકાજના દિવસોમાં કચેરીનો સંપર્ક કરી જોઈ શકાશે. ભાવો તારીખ ૧૮/૬/૨૦૨૨ સુધીમાં બંધ કવરમાં ફક્ત રજી.એ.ડી.થી નીચેના કચેરીને મોકલવાના રહેશે. તા. ૨૦/૬/૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.
૩. જે એજન્સી / પાર્ટીના ભાવ સ્વીકારવામાં આવશે તે એજન્સી / પાર્ટીએ સદર વાહન અંતર્ગત ભરેલ ભાવ ઉપરાંત ભરેલ ભાવના 18% GST તેમજ અન્ય કરવેરા ભરવાની જવાબદારી એજન્સી / પાર્ટીની રહેશે.
૪. મહત્તમ ભાવ સ્વીકારવા કે કેમ તેની સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

સહી/- અવાચ્ય
(વિક્રમસિંહ જાદવ)
માહિતી/૫૪૫/૨૨-૨૩ — નિયામક

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં. ૧૬, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. ફોન નંબર - ૦૭૯-૨૩૨૩૮૨૭૮

જાહેર નોટીસનો ખુલાસો

વિનુભાઈ ચતુરભાઈ, કાન્તાબેન ચતુરભાઈ, વિમળાબેન ચતુરભાઈ, ઉષાબેન ચતુરભાઈ, ડાહીબેન ચતુરભાઈ હીરાભાઈની વિધવા, હસમુતીબેન તે રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઈની વિધવા, અંકિતકુમાર રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઈ, હિનાબેન રમેશચંદ્ર ઉર્ફે રમેસભાઈ નાઓએ કીરીટ બી. પટેલ (એડવોકેટ) મારફતે મોજે-પોર, તા.જી. ગાંધીનગરની સીમના સર્વે / બ્લોક નંય ૪૪૦ (રી-સર્વે પહેલાનો સર્વે / બ્લોક નં. ૮૭) (જુ.સ.નં.૭૨) જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૭-૩૯ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ માટે તા. ૧૯/૫/૨૦૨૨ના રોજ દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ અપાવેલ છે તો તે બાબતે જણાવવાનું કે, તા. ૧૮/૭/૧૯૯૪ના રોજ સદર જમીનનું બાનાખત મુળ માલિકોએ અમારા અસીલશ્રી ભરતભાઈ મનુભાઈ પટેલની તરફેણમાં કરી આપેલ છે અને ત્યારથી સદરહુ જમીનનો કબજો ભરતભાઈ મનુભાઈ પટેલને સોંપી દીધેલ છે અને આજની તારીખમાં પણ આ જમીનનો કબજો ભરતભાઈ મનુભાઈ પટેલ ધરાવે છે. તાજેતરમાં તેઓએ ટાઈટલ ક્લીયરન્સ સર્ટી. મેળવવાની જાહેર નોટીસ આપેલ છે એ સંદર્ભમાં વધારામાં જણાવવાનું કે, સદર જમીન બાબતે ભરતભાઈ મનુભાઈ પટેલે તાજેતરમાં રે.દી.મુ.નં. ૨૧૬/૨૦૨૨ ગાંધીનગર સીવીલ કોર્ટમાં દાખલ કરેલ છે અને સદર બાબતે પીટીશન નં. સ્પે. સી.એ. નં. ૧૮૧૫૮/૨૧ નામદાર હાઈકોર્ટમાં પેન્ડીંગ છે જેથી આ જમીનમાં અમારા લાગ, ભાગ, હક્ક, હિત અને હિસ્સો પોષાતો હોઈ અન્ય કોઈ વ્યક્તિએ આ જમીન બાબતે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહી અને તેમ છતાં પણ જો કરવામાં આવશે તો તેઓની વિરૂદ્ધ કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવાનો હક્ક અમો અબાધિત રાખીએ છીએ.

સહી/-
(પી. એમ. રાવલ)
એડવોકેટ